# આચાર્યની તાલીમથી આચાર્યપણું આવશે?

માધ્યમિક શાળાઓના આચાર્યો માટે સરકાર દ્વારા અત્યારે કર્મયોગી તાલીમ ચાલુ કરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં રિસોર્સ પર્સનને તયૈયાર કરવાની કામગીરી ગઇ કાલે પૂર્ણ થઇ અને આવતી કાલે ગુજરાતના તમામ આચાર્યશ્રીઓ પોત પોતાના જિલ્લામાં તાલીમ મેળવશે. માધ્યમિક શાળાના આચાર્યોને કર્મયોગી તાલીમ આપવાની શરૂઆત આમ તો ઓક્ટો-નવે. ૨૦૦૨ થી થયેલ. સરકાર દ્વારા પોતાના કર્મચારીઓને કૌશલ્ય સભર બનાવવા કર્મયોગી તાલીમ શરૂ કરેલ છે. જે કર્મચારીગણ અને સમાજના હિતમાં છે. આમછતાં કર્મયોગી તાલીમનું એક મહત્ત્વનું પાસું વિસરાઇ ગયું છે અથવા તો તે ખૂબ જ નબળું રહ્યું છે. અને તે પાસું છે – અનુકાર્ય અંગેનું. જેની ચર્ચા ભવિષ્યમાં ક્યારેક કરીશું. અત્યારે માત્ર ધ્યાન આપવું છે અને દોરવું છે – અત્યારે ચાલી રહેલ માધ્યમિક શાળાના આચાર્યની કર્મયગી તાલીમ દરમિયાન રાખવામાં આવેલા વિષયો. એટલે કે આચાર્યને તાલીમ દરમિયાન કઇકઇ બાબતો શીખવવામાં આવશે અથવા તો તાલીમ દરમિયાન કયા મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે?

તાલીમ માટે રાખેલા વિષયો પરી નક્કી કરી શકાય કે, સરકારશ્રી આજના અને ભવિષ્યના આચાર્યમાં કેવા કૌશલ્ય ખિલવવા માંગે છે? સરકારની દષ્ટિએ આવતીકાલના આચાર્ય કેવા હોવા જોઇએ? સરકારશ્રી આચાર્ય પાસે કેવી અને કેટલી અપેક્ષા રાખે છે? અત્યારે ચાલતી તાલીમ દરમિયાન રાખવામાં આવેલ વિષય અથવા તો મુદ્દાઓ આ પ્રમાણે છે. રજાના નિયમો, સર્વિસબુક, આચાર સંહિતા, વિદ્યાર્થીના જી.આર.માં સુધારા કરવા માટેની પ્રક્રિયા, આચાર્યની સમસ્યાઓ અને તેના ઉપાયો, સ્વોટ એનાલીસીસ અને સત્તા-સામર્થ્યગ્રીડ, નિરોગીબાળ વર્ષમાં શાળાની ભૂમિકા, ઉત્કૃષ્ટ શાળા બનાવવામાં આચાર્યનું નેતૃત્ત્વ,આચાર્ય અને માનવસંબંધો, માહિતી અધિકાર, શાળાના માનવ પરિબળો સાથેનો વર્તન વ્યવહાર.

ઉપરોક્ત વિષયોમાંથી રજાના નિયમો, સર્વિસબુક, આચાર સંહિતા, વિદ્યાર્થીના જી.આર.માં સુધારા વગેરે વિષયો વહિવટને લગતાં છે. આ બાબત અંગેના નિયમો સરકાર બનાવીને તરત જ તેની જાણ પરિપત્ર સ્વરૂપે શાળા કક્ષાએ કરે જ છે. જેનો ઉપયોગ શાળા કક્ષાએ આચાર્યને અવારનવાર કરવાનો થાય જ છે. આમછતાં આ વિષયો રાખવાથી એવું ફલિત થાય છે કે આચાર્યશ્રીઓને આ નિયમોની જાણ નથી. તો સાથે બીજો પ્રશ્ન એ થાય કે તો તેમણે અત્યાર સુધી આચાર્યગીરી કરી કેવી રીતે? ખરેખર તો આચાર્ય તરીકેની નિમણૂંક પામ્યા પછી તરત જ જરૂરી તમામ નિયમો જાણી લેવા જોઇએ તે આચાર્યની પ્રથમ અને નૈતિક ફરજ છે. ઉપરાંત ઓછામાં ઓછા દસ વર્ષના શિક્ષક તરીકેના અનુભવ પછી જ આચાર્યપદ મળ્યું હોય છે. ત્યારે શિક્ષક તરીકેના દસ વર્ષ દરમિયાન પણ ઉપરોક્ત નિયમોનો શાળા કક્ષાએ અવારનવાર અમલ થયેલ હોય છે. જેથી મોટાભાગના નિયમોથી તેઓ પરિચિત બની ગયા જ હોવા જોઇએ. આમછતાં વહિવટને લગતાં સામાન્ય નિયમોની જાણકારી તાલીમ કરીને આપવી પડે છે, તેનાથી એવું ફલિત થાય છે કે, સરકારે બનાવેલા નિયમોની જાણકારી પ્રાપ્ત કરવાનો આચાર્ય દ્વારા કોઇ પ્રયત્ન કરવામાં આવતો નથી અને આચાર્યની આવી વર્તણૂંક માટે સરકાર તાલીમ આપ્યા સિવાય કશું જ કરી શકતી નથી. આવા વિષયો રાખવાથી એવું કહી શકાય કે આચાર્યમાં આચાર્યપણું અને સરકારમાં સરકારપણું નથી. ઉપરાંત નિયમો છાપીને મોડયુલ સ્વરૂપે આપવામાં આવ્યા છે. આ નિયમોના પરિપત્રો આચાર્યને શાળામાંથી ન મળે તો બજારમાંથી તૈયાર પુસ્તિકાઓ પણ મળે છે. શું આ પુસિતકા ખરીદવાની કે

વાંચવાની દરકાર પણ આજના આચાર્યમાં નથી? તો તેઓ બાકીની આચાર્યગીરી કરશે કેવી રીતે? આચાર્યશ્રીઓ નિયમો જાણતા નથી કે માનતા નથી? શું આ બાબતો માટે તાલીમ પાછળ લાખો રૂપિયા ખર્ચ કરવો યોગ્ય છે? નોકરી સમય દરમિયાન આપવામાં આવતી તાલીમ પાછળના હેતુની આચાર્ય અને સરકારને ખબર નથી કે દરકાર નથી? નોકરી સમય દરમિયાન આપવાની તાલીમનો હેતુ જે તે કર્મચારીને જૂનું યાદ અપાવવા પાછળનો નથી, પરંતુ નવું શીખવવા અને જણાવવા પાછળનો છે. દુનિયા બદલાતી જાય છે, ।।વનાર સમયની માંગને ધ્યાનમાં રાખીને પૂરવઠો પૂરો પાડવા માટે કર્મચારી।ોને તૈયાર કરવાના છે. નવી ક્ષિતિજો તરફ દૃષ્ટિપાત કરવાનો છે. નવું જાણવાનું-જોવાનું છે, જરૂરી હોય તેને તાત્કાલિક અપનાવવાનું છે. નવા પરિમાણો જાણવા માટે તાલીમ છે. તાલીમ દરમિયાન જૂના જ્ઞાન કે માહિતીની જ પિપુંડી વગાડશું તો નવું જાણશું કે શીખીશું ક્યારે?

હા... કેટલાક આચાર્ય મિત્રો એટલાતો એડવાન્સ હોય છે કે ક્યારેક નાના અધિકારીઓએ તે આચાર્યની સલાહ લેવી પડે છે. એડવાન્સ આચાર્યને કારણે જ આળસું આચાર્ય બચી જાય છે. એડવાન્સ આચાર્યને કારણે પણ અન્ય શાળાઓનો વહિવટ ચાલતો હોય છે. કેટલીક શાળાના આચાર્ય કરતાં તે શાળાનો ક્લાર્ક વધુ પાવરધો અને એડવાન્સ હોય છે. આવા આચાર્યએ પોતાનો ઉદ્ધાર તો કર્યો નથી અને તેમની પાસે શાળાનો ઉદ્ધાર કરવાની અપેક્ષા ક્યાંથી રાખી શકાય? શિક્ષક તરીકેના દસ વર્ષના અનુભવ પછી આચાર્ય બનેલ કેટલાક વ્યકિતમાં આચાર્યપણું તો હોતું જ નથી, પણ સાથે શિક્ષક તરીકેના દસવર્ષના અનુભવ વાળું શિક્ષકપણું પણ ગુમાવે છે.

અત્યારે ચાલતી તાલીમમાં કેટલાક મુદ્દાઓ એવા પણ છે કે જે હાલના સમય માટે અત્યંત જરૂરી પણ છે. જેમકે, આચાર્યની સમસ્યાઓ અને ઉપાયો, નિરોગી બાળવર્ષમાં શાળાની ભૂમિકા, ઉત્કૃષ્ઠ શાળામાં આચાર્યનું નેતૃત્વ, સ્વોટ એનાલીસ અને સત્તા-સામર્થ્યની ગ્રીડ વગેરે મુદ્દાઓ આચાર્યમાં નવીનીકરણ લાવી શકે તેમ છે. ઉપરાંત તાલીમમાં એકબીજી નોંધપાત્ર હકારાત્મક બાબત એ પણ છે કે, વિષયવસ્તુ પિરસવા માટે જૂથચર્ચા અને રોલપ્લેનો ઉપયોગ. જેથી પોતે જ નક્કી કરેલી બાબત ઝડપથી સમજી શકાય અને સ્વીકારી પણ શકાય. તો પણ સવાલાખનો પ્રશ્ન એ છે કે, જે આચાર્ય મિત્રો રોજિંદા વહીવટમાં ઉપયોગી છે તે નિયમો જાણવાની કે અપનાવવાની દરકાર કરતા નથી, તે આચાર્ય નવીનીકરણને કેટલા અંશે અપનાવશે? માટે જ સરકારશ્રીએ તાલીમ પછી અનુકાર્ય હાથ ધરવું જોઇએ. જેથી તાલીમની સફળતાનો ખ્યાલ આવે. સરકારે પોતાની ફરજ નક્કી કરવાની તાય કે તેણે ફેસિલીટર બનવાનું છે કે પ્રોવાઇડર? સાથે એડવાન્સ આચાર્યશ્રીઓએ અન્ય આચાર્યશ્રીઓને નાનાભાઇ સમજીને માત્ર માહિતી જ ન આપતા માહિતી શીખવવી જોઇએ. પ્રોત્સાહન આપવું જોઇએ. સરકાર જૂની માહિતી લઇને તાલીમ આપવાનો પ્રયત્ન કરે તો તેનો વિરોધ કરીને નવીનીકરણ લાવવા માટે મજબૂર કરીને પોતાનો સમય અને શક્તિને બચાવવા જોઇએ.